RNI No. Guj Guj 2004/19315    Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015

Book-Post

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ
M.No. 97260 43911, 9427958711

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૨ ● અંક : ૧ ● સપ્ટેમ્બર -૨૦૧૫ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦    ઈ-મેલ : viklangmitra@yahoo.com

### દેશની સૌથી મોટી વહીવટી પરીક્ષામાં ટૉપર બનતા પહેલાના કપરા સંઘર્ષની હૃદયસ્પર્શી ગાથા

## વિકલાંગોની પ્રેરણામૂર્તિ : ઈરા સિંઘલ




હું છું ઈરા સિંઘલ. હું

સર્જાઈ જેની અસર મારા ભણતર પર પડી. પપ્પાએ ૧૯૯૩માં એક બિઝનેસ શરૂ કર્યો હતો જેમાં ઘણું નુકશાન થયું હતું. ૧૯૯૭ સુધીમાં તો આર્થિક સ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ. અમે ભાડાના મકાનમાં રહેતા હતા. પૈસાની એટલી ખેંચ રહેતી કે એક ટેબલ ફેન પણ ખરીદી શકતા નહોતા પછી મકાન માલિકે પંખો વાપરવા માટે આપ્યો હતો.

ઈરા કહે છે કે, “હવે




મારો જુસ્સો તોડ્યો નહોતો. હું

ધક્કો મારી શકું એમ નથી. મને

સાથે મુલાકાત થઈ, તેણે મને કહ્યું કે હું ચોથીવાર આઈએએસની પરીક્ષા આપી રહી છું. મેં તેની સલાહ માની લીધી અને તેની સાથે મળીને બે મહિના સુધી ગ્રુપ ડિસ્કશન અને અભ્યાસ કર્યો, મેં આ પરીક્ષા માત્ર પાસ જ કરી નહીં પણ હું તેમાં ટૉપર પણ બની.

મારા સપનાઓ સાકાર





હું છું ઈરા સિંઘલ. હું આઈએએસ ટૉપર છું. આજે લોકો મને જાણે છે પણ એક વખત હતો જ્યારે ઓળખ માટે મારે સંઘર્ષ કરવો પડતો હતો. જીવનમાં મેં ઘણા ચડાવ ઉતાર જોયા છે. બાળપણમાં મારી કરોડરજ્જુ સંકોચાવા લાગી હતી. મેડિકલમાં તેને રેરેસ્ટ સમસ્યા માનવામાં આવે છે. ડૉક્ટરો તેને સ્કોલિયોસિસ કહે છે. એ વખતે મને તે બિમારી વિશે કશી ખબર નહોતી પણ એ પછી મારા જીવનનો સંઘર્ષ શરૂ થયો હતો. ઑપરેશન કરાવવામાં જીવનનું જોખમ હતું. તેથી મારા માતા-પિતાએ જોખમ લીધું નહીં. હું મારા રસ્તે હતી તો આ સ્થિતિ પણ સાથે હતી.

સ્કૂલમાં એડમિશનનો સમય આવ્યો તો ઘણી મુશ્કેલીઓ હતી. મને એવું પણ કહેવામાં આવ્યું કે તું નાકમાં બોલે છે. ઘણી વિનવણીઓ પછી અલગ અલગ ટેસ્ટ લેવામાં આવ્યા. પાંચમા ધોરણ સુધી હું હંમેશા ફર્સ્ટ આવી કારણ કે મમ્મી ભણતરનું ધ્યાન રાખતી હતી. પછી પપ્પાને બિઝનેસમાં મોટું નુકશાન થતા એવી સ્થિતિ

શકતા નહોતા પછી મકાન માલિકે પંખો વાપરવા માટે આપ્યો હતો.

ઈરા કહે છે કે, ‘‘હવે જગત મારા જેવાઓને અલગ નજરે જુએ છે.’’ હંમેશા મારી ઈચ્છા કંઈક અલગ કરવાની રહેતી. ૧૯૯૫માં દિલ્હી આવ્યા એ પહેલા અમારો પરિવાર મેરઠમાં રહેતો હતો, ત્યાં સોફિયા ગર્લ્સ સ્કૂલમાં મેં પહેલાથી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો, ત્યાંથી દિલ્હી આવ્યા બાદ દિલ્હીની લોરેટો કોન્વેટ સ્કૂલમાં ૧૦મા સુધી અને પછી ધૌલાકુઆ સ્થિત આર્મી પબ્લિક સ્કૂલમાં બારમા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો હતો. ૨૦૦૬થી ૨૦૦૮ સુધી ડીયૂમાંથી એફએમએસમાં ફાયનાન્સ અને માર્કેટીંગમાં એમબીએ કર્યું. એ પછી કેડબરી ઈન્ડિયામાં કસ્ટમર ડેવલપમેન્ટ મેનેજરની પોસ્ટ પર બે વર્ષ કામ કર્યું.

બાળપણમાં મારી ઈચ્છા ડૉક્ટર બનવાની હતી. ભણવામાં પણ હું સારી હતી, પણ પપ્પાએ મને સમજાવ્યું કે તું ભણી તો લઈશ પણ કલાકો સુધી પગે ઉભા રહીને સર્જરી કેવી રીતે કરી શકીશ. કોલેજના દિવસોમાં મેં થિયેટર ગ્રુપ પણ જોઈન કર્યું હતું. કારણકે શારીરિક અડચણોએ ક્યારેય




મારો જુસ્સો તોડ્યો નહોતો. હું મનમાં સતત એવા પ્રયાસો કરતી કે અન્યોની સમકક્ષ બનવા માટે મારે થોડા વધુ પ્રયાસો કરવા પડે છે. થોડા વધુ પ્રયાસો કરવાની આ ટેવ મને અહીં સુધી લઈ આવી છે. ભૂગોળને મુખ્ય વિષય બનાવીને મેં અભ્યાસ ચાલુ કર્યો. ૨૦૧૦ના વર્ષમાં પહેલા જ પ્રયાસમાં મને સફળતા મળી હતી. મારી ઈચ્છા વિદેશ સેવામાં જવાની હતી પણ મેડિકલ નિયમોના લીધે મને પોસ્ટિંગ નહીં મળતા ઘણું આકરું લાગતું. મેં પરાજય સ્વીકાર્યો નહોતો. મારા હક માટે હું કોર્ટમાં ગઈ અને પપ્પાએ લાંબી લડત લડી. મારી લડાઈમાં તેમણે દરેક પગલે મને સાથ આપ્યો.

૨૦૧૧માં પણ મેં પરીક્ષા પાસ કરી પણ સરકારે મારી નિમણૂંકનો ઈનકાર કરી દેતા પરીક્ષા પાસ કરવાનો આનંદ લાંબો ટક્યો નહીં, એટલું જ નહીં મારી ઉમેદવારી જ રદ કરી દેવામાં આવી કારણકે સરકારનું માનવું હતું કે આ કામ માટે હું શારીરિક રીતે સક્ષમ નથી. એક કારણ એ પણ અપાયું હતું કે ૬૨ ટકા વિકલાંગતાએ મારા બન્ને હાથને નિષ્ક્રિય કરી દીધા છે જેના કારણે હું કોઈ વસ્તુને ખેંચી કે ધક્કો મારી શકું એમ નથી. મને આશ્ચર્ય થતું કે સરકારને ભારતીય મહેસુલી સેવાની જવાબદારી વહન કરવા માટે આ શારીરિક ક્ષમતાઓની જરૂર લાગતી હતી. મેં નક્કી કર્યું કે આ મૂર્ખામીભર્યો નિયમ હું મારા પર લાગુ થવા દઈશ નહીં. મારી આ લડાઈ હું સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ સુધી લઈ ગઈ, ત્યાં ૧૮ મહિના સુધી સંઘર્ષ ચાલ્યો અને અંતે મારા પક્ષમાં ચુકાદો આવ્યો. બેન્ચના સભ્યોને પણ આશ્ચર્ય થયું કે શું કોઈ આઈએએસ અધિકારીને કોઈ રેડ દરમ્યાન આ પ્રકારની ભારે વજનનું પેકેટ ઉઠાવવાની જરૂર પડે છે. મેડિકલ તપાસ દરમ્યાન મેં કહ્યું હતું કે હું ૧૦ કિલો સુધીનું વજન તો ઉપાડી શકું એમ છું. જે દિવસે મેં યુપીએસસીની પરીક્ષા પાસ કરી એ દિવસે મહેસુલ વિભાગમાંથી ફોન આવ્યો કે મંત્રીમહોદય મને મળવા માગે છે. મજાની વાત એ છે કે આ એ જ વિભાગ હતો જેણે મને આઈઆરએસની પરીક્ષા પાસ કર્યા પછી નકારી દીધી હતી. વર્ષ ૨૦૧૪માં મને આઈઆરએસ સેવામાં જોઈનીંગ મળી. આ દરમ્યાન એક મિત્ર

નહીં પણ હું તેમાં ટૉપર પણ બની.

મારા સપનાઓ સાકાર કરવામાં મને ક્યારેય મારી શારીરિક સીમાઓ અડચણરૂપ લાગી નથી. સાચી વાત તો એ છે કે દરેક સંઘર્ષ તમને કંઈકને કંઈક શીખવે છે. મારા માતા-પિતાએ ક્યારેય મારી સાથે હું વિકલાંગ છું એવો વ્યવહાર કર્યો નથી. હું શારીરિક રીતે અક્ષમ હતી એ ક્યારેય મારો સંઘર્ષ નહોતો પણ સંઘર્ષ એટલા માટે હતો કે કારણ કે હું મહિલા હતી. જેમ દરેક મહિલાને એક પછાત વિચારસરણી અને ભેદભાવનો સામનો કરવો પડે છે એમ મેં પણ તેનો સામનો કર્યો હતો. આઈએએસ અધિકારી તરીકે પણ મારી ઈચ્છા મહિલાઓ, બાળકો અને શારીરિક વિકલાંગો માટે કામ કરવાની છે. આ સફળતા મેળવીને મને ઘણું આશ્ચર્ય થયું. દરેકને હું એટલું કહેવા ઈચ્છું છું કે તમારી દિકરીને ભણવા દો અને કામ કરવા દો. તેમને જગતમાં આવતા અટકાવશો નહીં. તેને જાતે પોતાની લાઈફ બનાવવાની તક આપો. ●

## વિકલાંગ મિત્ર

વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.

### વિકલાંગોની લગ્ન સમસ્યા અંગે સરાહનીય પ્રયાસ

# અંધ વરરાજા અને અપંગ વધૂએ પ્રભુતામાં પગલાં પાડ્યાં

કિંમત પાણીની નથી પણ તરસની છે. કિંમત મૃત્યુની નથી પણ શ્વાસની છે. સંબંધ તો ઘણા છે જીવનમાં પણ કિંમત સંબંધની નથી તેના પર મુકેલ વિશ્વાસની છે. અડગ વિશ્વાસ સાથે આ પંકિતને સાર્થક કરતો અનોખો લગ્નોત્સવ કે જે વાસ્તવમાં "તેરા સાથ હે તો મુજે ક્યા કમી હે" એ ઉક્તિને અનુરૂપ કપડવંજમાં ધામધૂમથી યોજાયો. યુવતીએ પોતાનો જીવનસાથી ભલે પ્રજ્ઞાચક્ષુ છે પણ તેણીમાં દઢ વિશ્વાસ છે કે તેઓ જીવનનૈયા સુખેથી વિતાવશે. ક્ષત્રિય અપંગ કન્યા અને પ્રજ્ઞાચક્ષુ પાટીદાર વરરાજાના લગ્ન એક સામાન્ય લગ્નોત્સવની જેમ આ અસામાન્ય લગ્નોત્સવ ઉજવાયો.

કપડવંજના નાની રત્નાકર માતા ખાતે કપડવંજમાં રહેતા અને કણભા નાગદેવ ટ્રસ્ટમાં અંધજનોના શિક્ષક પ્રજ્ઞાચક્ષુ અશોક ભોળાભાઈ પટેલના લગ્ન કપડવંજ તાલુકાના મોટારામપુરાની વતની અપંગ તારા શંકરભાઈ ઝાલા સાથે યોજાયા હતા. અશોક પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પણ શૈક્ષણિક કારકિર્દી શ્રેષ્ઠ ધરાવે છે. તેણે એમ.એ., બી.એડ્ કરી પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષક છે. જ્યારે તારા પી.ટી.સી., બી.એડ્. છે. વિકલાંગોની સંસ્થા કે જે ખેડા, બાલાશિનોર, વીરપુર, ઠાસરા અને કઠલાલમાં ચાલતી વી.એસ.ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ,

## આશાનું નવું કિરણ

- નાલલાદારૂ, સુરત, મો.નં. ૯૨૭૭૧૫૨૨૧૬

ડિસેબિલીટીઝ- એક સમાન તકો, અધિકારોની સુરક્ષા અને સંપૂર્ણ ભાગીદારી એક્ટ-૧૯૯૫ સંબંધમાં વિકલાંગોને લાભ મળવામાંથી રહેલી વંચિતતા અંગે નામદાર સુપ્રિમ કોર્ટે તા. ૧૨-૯-૨૦૧૪ના રોજ એક પીઆઈએલમાં મુખ્ય ન્યાયમૂર્તિ આર.એમ.લોઢા તથા ખંડપીઠે આપેલ ચુકાદા મુજબ ઠરાવાયું કે "વિભિન્ન રીતે સક્ષમ વ્યક્તિઓ માટે ત્રણ ટકા આરક્ષણનો લાભ વહીવટી સેવાઓ માટેની નિમણૂંકમાં તથા બઢતી સહિતની તમામ વર્ગ જુથની સરકારી નોકરીઓમાં સ્થાન આપવું જોઈએ." આ કેસમાં વિશેષ સોલીસીટર જનરલ પિંકી આનંદએ કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહી કરેલ દલીલ મુજબ ગ્રુપ-એ તથા ગ્રુપ-બી કેટેગરીના બઢતીના કેસોમાં આરક્ષણ આપી શકાય નહીં, કેમકે તે નિમણૂંક અંગેનો કેસ નથી. જે દલીલ અંગે ખંડપીઠે નિરીક્ષણ કરી જણાવેલ કે "નિમણૂંક એક વિસ્તૃત વિચાર-ખ્યાલ છે, જેમાં કેન્દ્ર સરકારે સંકુચિત અર્થઘટન કરી રહેલ હોવાથી, આરક્ષણ નીતિમાં નિરાશા આવી રહેલ છે. તથા વિકલાંગ વર્ગના હેતુ-ઉદેશને જ નિરાશા કરી રહેલા છે. આથી જે હેતુ માટે કાયદો પસાર કરવામાં આવ્યો છે તે હેતુ જ નિરાશાજનક બની જવા પામેલ છે. વિકલાંગ અધિકાર કાયદો પસાર થયે ૧૯ વર્ષો પૂરાં થવા છતાં પણ વિકલાંગો લાભથી વંચિત રહેવા પામેલ છે." આમ આ સુખદ ચુકાદો વિકલાંગોના જીવનમાં આશાનું નવું કિરણ જન્માવશે.

• • •

વિકલાંગ એમ.આર. લર્નિંગ ડિસેબિલીટી ધરાવતી ૧૨ વર્ષની પુત્રીની દેખરેખ રાખવા માટે તથા બાળઉછેર માટે મહિલા કર્મચારીને બે વર્ષ સુધી ચાલુ પગારે રજા મળી શકે. તે અંગે "છઠ્ઠા વેતન પંચ-૨૦૦૮(સપ્ટે)"ની ભલામણ મુજબ સંતાન ૧૮ વર્ષની ઉંમરનું થાય ત્યાં સુધી લાભ મળવાપાત્ર રહે છે અને આ બાબતે કેન્દ્ર સરકારે માનવતા ભરેલું વલણ અખત્યાર કરવું જોઈએ. એ મુજબનો ચુકાદો "એવીયેશન સેફ્ટી"ના ડેપ્યુટી જનરલ મેનેજર એસ. મંગલાએ પોતાની બાર વર્ષિય

## વિકલાંગ મિત્રનું ગૌરવ

### ભરતભાઈ પટેલને રાજ્યપાલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત

જીવનમાં માનવસેવાનો ભેખ લઈને બેઠેલા ૧૦ વ્યક્તિઓને રાજ્યપાલના હસ્તે સન્માનિત કરવાનો એક કાર્યક્રમ આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. મહામહિમ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશજી કોહલીના હસ્તે રૂપિયા અગિયાર હજાર રોકડા, શાલ અને મોમેન્ટો આપીને પાંચમા ધરતી રત્ન એવોર્ડ વિજેતા તરીકે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માઢી ગામના બંને પગે વિકલાંગ ભરતભાઈ રામાભાઈ પટેલને સન્માનિત કરવામાં આવ્યા છે. ભરતભાઈ પટેલ વિકલાંગ કલ્યાણની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. અત્યારે હાલ વિજાપુર ખાતેના સર્વોદય

બી.એડ્ કરી પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષક છે. જ્યારે તારા પી.ટી.સી., બી.એડ્. છે. વિકલાંગોની સંસ્થા કે જે ખેડા, બાલાશિનોર, વીરપુર, ઠાસરા અને કઠલાલમાં ચાલતી વી.એસ.ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજના વિકલાંગ પુનર્વસન કેન્દ્રના શિક્ષક દશરથભાઈ ડોડિયાના પ્રયત્નોથી બંને આજે સપ્તપદીના સાત ફેરા ફરી લગ્ન જીવનની શરૂઆત કરી છે. સામાન્ય લગ્નોની જેમ વર-કન્યાના પરિવારજનોએ હરખથી લગ્નગીતોની રમઝટ બોલાવી વાતાવરણને રંગીન બનાવી હોંશે હોંશે નવદંપતિને આશીર્વાદ પાઠવ્યા હતા. આ અસામાન્ય લગ્ન નિમિત્તે આયોજીત સત્કાર સમારંભમાં વિકલાંગ સંસ્થાના ટ્રસ્ટીઓ, કર્મચારીઓ સહિત બંનેના પરિવારજનો ઉપરાંત અનેકવિધ લોકોએ નવયુગલને લગ્ન જીવનના આરંભે આશીર્વાદ પાઠવી બંનેના પરિવારજનોની સરાહના કરી હતી. ''વિકલાંગ મિત્ર'' પરિવાર નવયુગલ તથા શ્રી દશરથભાઈ ડોડીયાને હાર્દિક અભિનંદન પાઠવે છે. ●

## ફ્રા ઈન્ટરનેશનલ દ્વારા રાસ-ગરબાનું આયોજન

- જ્યોત્સ્ના સુથાર

આ નવરાત્રિ દરમિયાન વિકલાંગ લોકો માટે પાંચમી વખત રાસ-ગરબાનો એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ તા. ૧૮-૧૦-૨૦૧૫ને રવિવારે નિરવ પાર્ટી પ્લોટ, સૌરભ સ્કૂલની સામે, રાણીપ રોડ, નવા વાડજ, અમદાવાદ ખાતે સાંજે ૬-૩૦ કલાકે રાખવામાં આવ્યું છે.

આ રાસ-ગરબામાં રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, પોરબંદરમાંથી ૬૦૦ વિકલાંગો અને તેમના એસ્કોટ સાથે ૭૦૦થી વધુ લોકો ભાગ લેશે. આ રાસ-ગરબામાં ઈનામ પણ રાખવામાં આવેલ છે. આ રાસ-ગરબામાં કાર્યક્રમ સાથે ભોજન સમારંભ પણ છે. વધુ માહિતી માટે પુજા મહેતા - ૯૮૨૫૫૭૫૬૭૧, જ્યોત્સ્ના સુથાર- ૯૯૨૫૬૧૬૪૫૬ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. ●

***વિકલાંગ મિત્ર બારમા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. આ નિમિત્તે વાર્ષિક, આજીવન સભ્યો, શુભેચ્છક મિત્રો અને વિજ્ઞાપન દાતાઓનો "વિકલાંગ મિત્ર" આભાર માને છે.●***

[illegible] ત્યાં સુધી લાભ મળવાપાત્ર રહે છે અને આ બાબતે કેન્દ્ર સરકારે માનવતા ભરેલું વલણ અખત્યાર કરવું જોઈએ. એ મુજબનો ચુકાદો ''એવીયેશન સેફ્ટી''ના ડેપ્યુટી જનરલ મેનેજર એસ. મંગલાએ પોતાની બાર વર્ષિય લર્નિંગ ડિસએબલ પુત્રીની દેખરેખ અને સંભાળ(કાળજી) લેવા માટે કરેલી અરજી નામંજૂર થતાં, મુંબઈ હાઈકોર્ટમાં અરજી કરતાં તેની સુનાવણી વી.એમ.કાનડે તથા જી.એસ. કુલકર્ણીની ડિવિઝનલ બેન્ચ સમક્ષ છતાં ચુકાદામાં ઉપર મુજબનો ઉલ્લેખ કરાયેલ હતો.

● ● ●

નેત્રહીન બાળકોને ફિલ્મની મજા માણવા ગુજરાતમાં નવી ટેકનોલોજી દાખલ થી છે જે મુજબ ''ઓડિયો ડિસ્ક્રિપ્શન ટેકનોલોજી''થી ફિલ્મ ''તારેં જમીં પર'' નેત્રહીનોને બતાવવામાં આવી હતી. આ ટેકનોલોજીથી પડદા ઉપરના દૃષ્યને અવાજના માધ્યમથી સમજાવી શકાયેલ. સુરતના આ પ્રયોગ પછી દેશભરના ૨૦ મોટા શહેરોમાં આવા કાર્યક્રમો યોજાનાર છે. એન.જી.ઓ.ના પ્રતિનિધીઓએ આંખે પટ્ટી બાંધી ફિલ્મ નિહાળી હતી.

● ● ●

''ટૂ'' નામની થ્રીલર ફિલ્મમાં અમિતાભ બચ્ચન બંને પગ ગુમાવી દીધેલ ચેસ માસ્ટર (વિકલાંગ)નો રોલ કરશે. આ ફિલ્મના ફિલ્મમેકર બિજોય નામ્બિયાર છે. જેમાં વિકલાંગોના જીવનની તકલીફોનો ચિતાર રજુ કરવામાં આવેલ છે. ફિલ્મના ગેટ-એપમાં કલાકારોના નાના વાળ માટે લોસએન્જીલીસથી ખાસ ટીમ મુંબઈમાં આવી ગઈ છે. ●

## "મંથન" સંસ્થાના સ્થાપકશ્રી નિરૂબેન રાવળને મહિલા શક્તિ એવોર્ડ-૨૦૧૫ એનાયત

મંથન અપંગ કન્યા સેવા સંકુલ- હાજીપુરના મુખ્ય ટ્રસ્ટીશ્રી નિરૂબેન રાવળને ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા મહિલા શક્તિ એવોર્ડ-૨૦૧૫ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના હસ્તે સન્માનપત્ર, મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદી અને જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નિરૂબેન રાવળને વિકલાંગ મિત્ર પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે. ●

કલ્યાણની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. અત્યારે હાલ વિજાપુર ખાતેના સર્વોદય આશ્રમ,માઢીમાં કાર્યકર તરીકે નિષ્ઠાભરી સેવાઓ આપી રહ્યા છે. ધરતીરત્ન એવોર્ડ વિજેતાઓમાં મંજીતા વણઝારા ગાંધીનગર, અમદાવાદના ડૉ. શશાંક રાઠોડ, ભીમજીભાઈ નાકરાણી, ડૉ. જીતુભાઈ પટેલ, કુમુદબેન શાહ, પ્રહલાદભાઈ સોલંકી, મહેશભાઈ ત્રિવેદી, ભૂજના હેમેન્દ્ર જણસારી અને ભારતીબેન જણસારીનો સમાવેશ થાય છે.

આ એવોર્ડ માટેની પસંદગી સમિતિના સભ્યો તરીકે મુંબઈ હાઈકોર્ટના પૂર્વજસ્ટીસ ક્ષિતિજ વ્યાસ, જાણીતા કવિ અંકિત ત્રિવેદી અને જાણીતા ટેક્સ એડવોકેટ મુકેશભાઈ પટેલે પોતાની બહુમૂલ્ય સેવાઓ આપી હતી. ●

***શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી. - તંત્રીશ્રી***

# તપસ્યા

સરકારી કામકાજ અર્થે પહાડી પ્રદેશના રમ્ય વાતાવરણમાં રહેવાનો મારો પહેલો પ્રસંગ હતો. ટેકરી પાછળના ભાગમાં નાની સરખી ઓરડીમાં રહેતા શિલ્પી સાથે મારે સારો ઘરોબો થઈ ગયો હતો. હથોડી, છીણી અને પથ્થરનો નિત્ય સંગાથી. રોજ સાંજે અમે મળીએ. સંધ્યા ઢળે અને આકાશમાં તારા ટમટમવા લાગે ત્યારે હું મારા ગેસ્ટ હાઉસ તરફ પાછો ફરું.

એક દિવસ શિલ્પી મને અહોભાવથી કહે, "ભાઈ, પથિક, તમે શિલ્પના ઘણા નમૂના જોયા, દેવદેવીઓની પ્રતિમાઓ પણ જોઈ. આજે તમને, એક માનવશિલ્પ હું ઘડી રહ્યો છું તે બતાવું, આવો, ઓરડીના અંદરના ભાગમાં તેની બેઠક પાસે મને લઈ ગયો. કલાકારની સર્વોત્કૃષ્ટ કારીગરી જોઈ હું ચકિત થઈ ગયો. પ્રેમ અને કરૂણાના સૌમ્યભાવો મુખમુદ્રા પર અલૌકિક તેજ પાથરતા હતા. મારી શબ્દાતીત મનોદશા કલાકાર કળી ગયો. આસપાસ વેરાયેલી કરચો વાળી

ઘરમાં સંપત્તિની રેલમછેલ થઈ શકત, પરંતુ પિતાએ સંપત્તિ કરતાં સેવાને પ્રાધાન્ય આપ્યું. આ સંસ્કાર બાલિકા મહિમા પર નાનપણથી પડ્યા. સેવાનો મંત્ર તેમના જીવનમાં વણાઈ ગયો...કુષ્ઠરોગીઓની સેવા તેમના જીવનનું કાર્યક્ષેત્ર બની રહી. આ મહારોગ વિષે સમાજમાં પ્રવર્તતા અજ્ઞાન અને અંધશ્રદ્ધા દૂર કરવા તેઓ સતત મથતા રહ્યા અને તેમ કરવામાં તેમને ઘણું સહન કરવું પડ્યું. છતાં નારાજગી કે ફરિયાદનો એક હરફ સુધ્ધાં તેમણે કદી કોઈ સામે ઉચ્ચાર્યો નહિ. સદા હસમુખો ચહેરો અને નમ્રતાભરી રીતભાત... કુષ્ઠરોગીનું નામ પડે અને મહિમાજી ટાઢ, તડકો, વરસાદ જોયા વગર તેમની પાસે પહોંચી જાય. પછી તે ઈસ્પિતાલ હોય કે સમાજથી તરછોડાયેલા અને ભિક્ષુક બની બેઠેલા દર્દીઓની વસાહત હોય... દર્દી રોગમુક્ત થઈ પુનઃ સમાજમાં પ્રવેશ પામે અને સર્વસાધારણ માણસની જેમ નોકરી-વ્યવસાય કરતો થઈ જાય, એ માટે પણ મહિમાજી કાર્યરત રહેતાં.

"ભાઈ શિલ્પી, મને યાદ આવે છે - તમે ખભા પર ભારે શિલા ઉપાડી પરિશ્રમપૂર્વક ધીમે ધીમે ડગ માંડી રહ્યા હતા. મદદ માટે હું

શિલ્પીના શબ્દોમાં સેવા પરાયણ નારી પ્રત્યેનો આદરભાવ વ્યક્ત થતો હતો.

"અજોડ છે તમારી શિલ્પની તપસ્યા !"

"મારી શિલ્પની તપસ્યા મહિમાજીની ભક્તિની તપસ્યા આગળ તૃણ સમાન છે. તેમણે તો અહર્નિશ કુષ્ઠરોગીઓમાં પ્રભુદર્શન કરી નિષ્કામ કર્મનો આદર્શ આચરી બતાવ્યો. દુઃસાધ્ય આદર્શને માટે આખું જીવન સમર્પિત કરી દેવું એના જેવું કઠણ તપ બીજું ક્યું હોઈ શકે ?"

હું પ્રતિમા નખશિખ નિરખતો હતો અને એક જિજ્ઞાસા સળવળી. નીચેના ભાગમાં અંગ્રેજી ભાષામાં અક્ષરો એક સરખા કદમાં પુષ્પવેલના આકારમાં કોતરાયા હતા - DDSDDSDDSDDSDDS... "કલાકાર, આ અક્ષરાવલિ શેની સૂચક છે ? "ડીડી" નાં જોડકાં પછી એકેક "એસ" ગોઠવ્યો છે, સુંદર લાગે છે."

"ભાઈ પથિક, મહિમાદેવી હમેશાં પોતાની પાસે એક બગલથેલો રાખતા, તેમાં દર્દીઓનાં નામ-સરનામાની ડાયરી અને દવાની બોટલ રાખતાં. D.D.S. એ કુષ્ઠરોગની દવાની ગોળીનું નામ છે, મહિમાજી આ દવા પોતાને ઘેર પણ રાખતાં. દર્દી લેવા

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં અગિયાર વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર "વિકલાંગ મિત્ર" દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે "વિકલાંગ મિત્ર" માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને "વિકલાંગ મિત્ર"ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **"વિકલાંગ મિત્ર"**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**
**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૪૨૭૯૫૮૭૧૧**
**viklangmitra@yahoo.com**


The Society for Physically Handicapped, Ahmedabad
Paralympic Committee of Gujarat

પાથરતા હતા. મારી શબ્દાતીત મનોદશા કલાકાર કળી ગયો. આસપાસ વેરાયેલી કરચો વાળી -ઝૂડી તેણે જગ્યા સાફ કરી અને વાતનો દોર સાધ્યો. ''મહિમાદેવી એમનું નામ. માફ કરશો - ''દેવી'' શબ્દ મારાથી સહજ બોલી જવાય છે. કારણ કે મહિમાજી દેવી કરતાં જરાય ઓછાં પૂજ્ય નથી. દસેક માઈલ દૂર નંદનપુરમાં તેમનું રહેઠાણ. પિતા વ્યવસાયે તબીબ.

આવે છે - તમે ખભા પર ભારે શિલા ઉપાડી પરિશ્રમપૂર્વક ધીમે ધીમે ડગ માંડી રહ્યા હતા. મદદ માટે હું આગળ આવ્યો. પણ તમે ઈન્કાર કર્યો. એ જ પથ્થરમાંથી આ મૂર્તિ કંડારી લાગે છે.''

''હા, તમારી મદદ મેં ઠુકરાવી તેનું માઠું તો ન્હોતું લાગ્યું ને ? જે અસામાન્ય વ્યક્તિ હોય છે તેની અંતરંગ ગરિમાને સ્થૂલ પથ્થર પર ઉતારવામાં પરિશ્રમ શાનો ?''

રાખતા. D.D.S. એ કુષ્ઠરોગની દવાની ગોળીનું નામ છે, મહિમાજી આ દવા પોતાને ઘેર પણ રાખતાં. દર્દી લેવા આવવામાં આળસ કરે તો ખુદ તેમને ઘેર જઈ પહોંચાડી આવતાં... મહિમાજી સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ આ શિલ્પકૃતિ તેમની આત્મિક ઉપસ્થિતિની સર્વદા સાક્ષી પૂરે તો ય ઘણું.'' શિલ્પીએ ફાનસ ચેતાવતાં વાત પૂરી કરી. ●

લે. શ્રી શાંતિલાલ ગઢિયા, વડોદરા




તમારી મરજીની કાર તમારૂં વાહન બની શકે...



Car Hand Operator Kit :
• Both Limbs Disabled • Left Limbs Disabled • Right Limbs Disabled
Support Center : Gujarat
H.O. +91 94260 51000 +91 94095 11117
www.hadicap.co.in
Ahmedabad 094274 83858 | Gandhigram 098251 46978 | Bhavnagar 08000127961 | Rajasthan 099284 42855 | Delhi 098100 61814 | Chandigadh 078146 76669
SAIKA
Adding Wings to The Differently Abled

# અંધકારમાં પ્રકાશપુંજ

લે. વસંતદાન ગઢવી, ગાંધીનગર

જીવનમાં એવો સમય કે જ્યારે અભ્યાસ પૂરો કર્યા પછી મનગમતા વિષયનું અધ્યાપન કાર્ય કરવાની તક મળે ત્યારે સંતોષ અને આનંદની લાગણી સ્વાભાવિક રીતે જ થાય. પરંતુ તે જ સમયે શિક્ષણ કાર્યમાં જેનું સ્થાન અનિવાર્ય છે તેનું વાંચનકાર્ય બંધ કરવું પડે અને અંધકારના ઓળા ઉતળી આવે, તો કેવું લાગે ? આ બાબતની કલ્પના કરવી પણ મુશ્કેલ છે! પરંતુ પ્રો. હાલારીના જીવનમાં સાચે જ આ ઘટના બની. છતાં સંકટના આ કપરાકાળમાંથી સમતાપૂર્વક માર્ગ કંડારીને જીવનનૌકાને નિરંતર આગળ ધપાવનાર શ્રી રમણીકભાઈ હાલારી મળવા જેવા માણસ છે.

વિસનગર (ઉ.ગુ.) પાસેના તેમની સંસ્થા ‘ રાષ્ટ્રીય અંધજન કલ્યાણ સંઘ’ અંગે શ્રી મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશનના ભાઈ જાસ્કણભાઈ ચૌધરી પાસેથી વાત સાંભળી ત્યારે પ્રત્યક્ષ મળ્યા સિવાય પણ તેમના માટે ઊંડા

અધ્યાપક તરીકે જોડાયા. વર્ગખંડને પવિત્ર ગણીને એક અધ્યાપક તરીકે સર્વત્ર ઠાલવી દેવાની તેમની અધ્યાપન શૈલીને કારણે વિદ્યાર્થીઓ તેમજ સહ અધ્યાપકોમાં ખૂબ લોકપ્રિય થયા.

પરંતુ કુદરતને આ બાબત મંજુર ન હતી. ૧૯૭૫ના વર્ષમાં તેમના જીવનમાં અચાનક અંધકારના ઓળા ઉતરી આવ્યા. એક દ્રષ્ટિવાન, જીવંત તથા કાર્યનિષ્ઠ અધ્યાપક દ્રષ્ટિ ગુમાવીને પ્રજ્ઞાચક્ષુ થયા. સ્નેહ દંપતીને જીવન પર જાણે કે વિજળી પડી. પરંતુ હિંમત હારે તો હાલારી શેના ? ઘોર અંધકારનો સામનો કરીને પણ દીપ પ્રાગટ્ય કરવાનું આધ્યાપકીય યજ્ઞકાર્ય આગળ ધપાવવાનો તેમણે નિર્ધાર કર્યો. તેમના સુશીલ ધર્મપત્નીએ હસતા મુખે પરિસ્થિતિ સ્વીકારીને પ્રો. હાલારીને પ્રેરણા અને બળ પૂરાં પાડ્યાં. આફતને અવસરમાં ફેરવવાના તેમના અડગ નિર્ધારના ઉજળા પરિણામો આજે જોવા મળે છે. તેમણે બ્રેઈલ

ઉજળો પ્રતિસાદ મળ્યો. સેવાયજ્ઞમાં આહુતિ આપનાર સજ્જનોની મદદથી તેમણે ટ્રસ્ટની રચના કરી અને કામને ગતિ મળી. જેમણે દ્રષ્ટિ ગુમાવી હોય તેવા વિશિષ્ટ જરૂરિયાતવાળા લોકો માટે વિસનગરની ભાગોળે એક તાલીમ શાળા શરૂ કરવામાં આવી. ચાર એકર જેટલી વિશાળ જગ્યા પર પથરાયેલા આ સંકુલમાં વિવિધ પ્રકારની સ્વરોજગારી મેળવી શકે તે માટેની તાલિમ આપતા વર્ગ ચલાવવામાં આવે છે. બુક બાઈન્ડિંગ, કાર્ડબોર્ડ, નેતરકામ, તેમજ કાથીકામ જેવા કામોમાં વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. સંગીતની પધ્ધતિસરની તાલીમ પણ ધ્યાન ખેંચે તેવી છે. પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ માટે માત્ર શિક્ષણ જ નહીં પરંતુ પૂર્નવસનની સર્વગ્રાહી વ્યવસ્થાનો પ્રો.હાલારીએ વિચાર કર્યો છે. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી અંધજન તાલીમ કેન્દ્ર દ્વારા વ્યવસાયિક તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમણે કોઈપણ કારણસર પોતાની આંખો ગુમાવી છે તેમના જીવનમાં લઘુતાગ્રંથિ તથા હતાશાને

## “વિકલાંગ મિત્ર”ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્વાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) શ્રી પ્રવિણભાઈ પંડ્યા, મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦)શ્રી જ્યોત્સનાબેન સુથાર, ફા.ઈન્ટરનેશનલ, અપંગ એકતા સમિતિ અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ
(૧૩) શ્રી રસીકભાઈ પટેલ, ભાદરણ, જિ.આણંદ હાલ- યુ. કે.
(૧૪) શ્રી નાનજીભાઈ કે. ડબાસીયા, માધાપર (કચ્છ)
(૧૫) શ્રી બકુલાબેન ઘાસવાલા, સાહિત્યકાર, વલસાડ
(૧૬) શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર, મોહનગઢ, જિ. વલસાડ
(૧૭) શ્રી તનમનબેન ગાંધી, સામાજિક કાર્યકર, મુંબઈ
(૧૮) શ્રી કિશોરભાઈ ભાનુશાળી, પ્રોફેસર, અમદાવાદ
(૧૯) શ્રી ભાસ્કરભાઈ મહેતા, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, ઈડર
(૨૦) શ્રી દિપકકુમાર રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી
(૨૧) શ્રી ફાધર વિલિયમ, “રિશ્તા”, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ
(૨૨) શ્રી મધુબેન પી. પટેલ, શિક્ષિકા, બાલમંદિર, કડવાસણ, જિ.મહેસાણા
(૨૩) શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર,અમદાવાદ
(૨૪) શ્રી અશોકભાઈ પટેલ, પ્રમુખ, અપંગ એકતા સમિતિ, અમદાવાદ
(૨૫) શ્રી નવીનચંદ્રભાઈ મણીયાર, મુંબઈ
(૨૬) શ્રી હેમેન્દ્રભાઈ જણસારી, લોક સેવા સાર્વ. ટ્રસ્ટ, ભૂજ (કચ્છ)
(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ

## વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ- સુરતનો કાર્ય અહેવાલ

ભાઇ જાસ્કણભાઇ ચૌધરી પાસેથી વાત સાંભળી ત્યારે પ્રત્યક્ષ મળ્યા સિવાય પણ તેમના માટે ઊંડા આદરની લાગણી થઇ. ત્યારબાદ થોડા દિવસો પછી યોગાનુયોગ મુલાકાત લેવાની તક મળી. પ્રો. રમણીકભાઇ તથા બહેન હસુમતીબેનનો ઉજળો આવકાર મળતાં જ તેઓની જીવન તરફ વિધેયાત્મક દ્રષ્ટિથી જોવાના અતુટ નિર્ધારની અનુભૂતી થઇ.

અમદાવાદ જિલ્લાના છેવાડે આવેલા બરવાળા ગામના પ્રો.હાલારી પરિશ્રમ કરીને જીવનનું ગાડું ગબડાવનાર કુટુંબમાંથી આવેલા છે. પિતાનો સ્નેહ મેળવવાનું સદ્ભાગ્ય તેમને ન સાંપડ્યું, છતાં માતાએ તે ખોટ પૂરી કરી. માતાએ તકલીફો વેઠીને પાંચેય ભાઇ બહેનોને મોટાં કર્યા અને તેમનામાં સંસ્કારસિંચન કર્યું પ્રો હાલારીએ પ્રાથમિક શિક્ષણ બરવાળામાં અને ઉચ્ચશિક્ષણ અમદાવાદમાં લીધું હિન્દી વિષય સાથે અનુસ્નાતક થયા બાદ શિક્ષણકાર્યને તેમણે જીવનકાર્ય માન્યું હોવાથી તેજ કામમાં જોતરાયા. જુદી જુદી સરકારી કોલેજોમાં અધ્યાપક તરીકેની સેવા આપ્યા પછી ૧૯૭૧ માં વિસનગરની એમ.એન.કોલેજમાં અવસરમા ફરવવાના તેમના અડગ નિર્ધારના ઉજળા પરિણામો આજે જોવા મળે છે. તેમણે બ્રેઈલ લિપીનો વિધિસર અભ્યાસ કર્યો. ઉત્સાહપૂર્વક અધ્યાપનકાર્ય ફરી શરૂ કર્યું. પોતાના શૈક્ષણિક કાર્યમાં શારીરિક સ્થિતિનો કારણે ગુણવત્તાની બાબતમાં કોઇ સમાધાન કર્યું નહીં. વર્ગમાં જતાં પહેલાં કાળજીપૂર્વકની તૈયારી કરવાની તેમની પ્રણાલિકા તેમણે હંમેશા જાળવી રાખી. તેમનું શિક્ષણકાર્ય ફરી એક વખત સોળે કળાએ ખીલી ઉઠ્યું તથા વિદ્યાર્થીઓને હંમેશા શ્રેષ્ઠ આપવાની તેમની ટેક અકબંધ રહી. એક અધ્યાપક તરીકેની ખૂમારી પણ એવી કે કંઈક ખોટું કે અનિષ્ટ જણાય તો તેની સામે હિંમતપૂર્વક ટક્કર પણ ઝીલે.

પ્રો.હાલારીના જીવનનો ક્રમ તો ગોઠવાયો પરંતુ તેમને એટલાથી સંતોષ ન થયો. તેમણે નિર્ણય કર્યો કે જેમણે દ્રષ્ટિ ગુમાવી છે તેમના ફાયદા માટે પણ કોઇ પ્રવૃતિ શરૂ કરવી. આ હેતુથી તેમણે રાષ્ટ્રીય અંધજન કલ્યાણ સંઘની સ્થાપના કરી. ઉત્તર ગુજરાતની ધરતીના લોકો સારા કામમાં હંમેશા સહયોગ આપે છે. તે જ રીતે રમણીકભાઈની ટહેલને પણ [illegible] કોઈપણ કારણસર પોતાની આંખો ગુમાવી છે તેમના જીવનમાં લઘુતાગ્રંથિ તથા હતાશાને ખંખેરીને આત્મવિશ્વાસની નૂતન દ્રષ્ટિ આપવાનુ કાર્ય હાલારી દંપતી સંપૂર્ણ નિષ્ઠા અને કાર્યક્ષમતાથી કરે છે. સમાજનો વ્યાપક ટેકો તેમના આ પૂણ્યકાર્યને નિરંતર મળતો રહ્યો છે.

પ્રો. રમણીકભાઈનું જીવન એક પ્રેરણાદાયી જીવન છે. સંસ્થાના પોતાના કેમ્પસમાં કામ કરવા ઉપરાંત જિલ્લાના નાના મોટા ગામોમાં ફેલાયેલા પ્રજ્ઞાચક્ષુઓને સ્વાવલંબી જીવન જીવવા માટે કેળવવાનું કામ સંસ્થા કરી રહી છે. વિકલાંગોની સામાજિક સમરસતાની દિશામાં પ્રો. હાલારીએ કંડારેલી કેડી એક નવો રાહ ચીંધનારી બની છે. પ્રકાશપુંજ સમા તેમના જીવનકાર્યથી અનેકના જીવનમાં ફેલાયેલા અંધારાં ઉલેચાયાં છે.

સંપર્ક :- શ્રી રમણીકભાઈ હાલારી, રાષ્ટ્રીય અંધજન મંડળ, મહેસાણા જિલ્લા શાખા, કડા રોડ મું. વિસનગર-૩૮૪૩૧૫,
જિ. મહેસાણા,
ફો.નં. ૦૨૭૬૫-૨૯૨૪૫૭,
મો.. ૯૪૨૬૦૨૯૪૧૬ ●

(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ

## વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ- સુરતનો કાર્ય અહેવાલ

● તા. ૧૧-૧-૨૦૧૫ના રોજ તમામ પ્રકારના વિકલાંગો માટે હમસફરની તલાશનું આયોજન કરેલ. આ પસંદગી મેળામાં વિકલાંગ યુવતીઓ-૪૭ અને વિકલાંગ યુવાનો-૧૬૬ ભાગ લીધો હતો. જેમાં ઉવર્શીબેન ગલાર જે બહેરા-મૂંગા હોવા છતાં એલ. એન્ડ ટી. હજીરામાં એક ઉત્તમ સર્વિસ કરનાર તરીકે રાષ્ટ્રપતિશ્રી દ્વારા સન્માનિત થયા હતા, તેમનું સ્વાગત કરી શાલ ઓઢાડી અને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી.

● તા. ૧-૨-૧૫ થી તા. ૧૫-૨-૧૫ સુધી વિકલાંગો માટે કેરાલા, અર્નાકુલમ, મુન્નાર, ઠેકડી, એલેપ્પી, કન્યાકુમારી, મદુરાઈ, રામેશ્વર અને ચેન્નાઈના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

● તા. ૧૮-૩-૧૫ના રોજ વિકલાંગોને વિધાનસભા બજેટ સેશનની મુલાકાત અને મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

● તા. ૧-૪-૧૫ના રોજ વિકલાંગોને ૬-ટ્રાયસિલક, ૨- સિલાઈ મશીન, ૧- વ્હીલચેર અને ૧- વૉકરની સહાય કરવામાં આવી હતી.

● તા. ૧૮-૪-૧૫ના રોજ નાઈટ મેરેથોનમાં વિકલાંગોએ ભાગ લીધો હતો.

● તા. ૧-૫-૧૫ના રોજ એસ્સાર સ્ટીલ ફાઉન્ડેશન દ્વારા બીજો એસ્સાર ફ્રીડમ કપ-૨૦૧૫ વિકલાંગો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સુરત જિલ્લાના તમામ પ્રકારના વિકલાંગો માટે રમત-ગમત સિવાયની કોઈપણ કળા કે હુન્નરના ટેલેન્ટ શૉનું આયોજન કરવાનું છે. જેમાં બે પાસપોર્ટ ફોટા, વિકલાંગતાનું પ્રમાણપત્ર અને જે હુન્નર કળા જાણતા હો તેના પુરાવા સાથે અરજી કરવી. વધુ માહિતી માટે શ્રી ગોપાલભાઈ બુકસેલર-૯૩૭૭૭૬૭૮૮૧, શ્રી શૈલેષભાઈ રાકોલીયા-૯૯૭૯૨૨૪૦૧૦નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે. ●

## વિકલાંગો માટે રાસ-ગરબાનું આયોજન

વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ-રાજકોટ દ્વારા વિકલાંગો માટે રાસ-ગરબાનું આયોજન તા. ૨૧-૧૦-૨૦૧૫ના રોજ સત્યમ પાર્ટી પ્લોટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે સાંજના ૬-૦૦ કલાકે કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે શ્રી દિવ્યેશભાઈ કુબાવત-૯૩૨૮૬૭૭૯૨૯ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે. ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL